# ઓરિયેન્ટે એનઆઈડી સાથે મળીને ઓરિયેન્ટ ઈલેક્ટ્રિક ડિઝાઈન એવોર્ડઝની શરુઆત કરી

ઓરિયેન્ટ ઈલેક્ટ્રિકે નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ડિઝાઈન(એનઆઈડી) સાથે હાથ મિલાવીને ઓરિયેન્ટ ઈલેકટ્રિક ડિઝાઈન એવોર્ડઝની શરુઆત કરી છે.આ એવોર્ડઝ પાછળનો આશય નવા જમાનાના પંખાની ડિઝાઈન માટેનો અને નવા કોન્સેપ્ટની ડિઝાઈનને કારણે અનપેક્ષિત ગ્રાહકવર્ગ આકર્ષિત થાય તે માટેનો છે.આ ઉપરાંત તેનો આશય કાર્યક્ષમતા વધારવાનો અને નવા પ્રકારની ડિઝાઈન સાથે પરફોર્મન્સના પરિણામો સુધારવા માટેનો છે.આ ડિઝાઈનર્સ કળાની સુઝ ધરાવનારા અને ઓરિયેન્ટ ઈલેકિટ્રકના ૬૦ વર્ષના વારસાને આગળ ધપાવનારા છે.

પોતાના મુદ્રાલેખ સ્વીચ ટુ સ્માર્ટ પરથી પ્રેરણા લઈને ઓરિયેન્ટ ઈલેકિટ્રકે-એનઆઈડી સાથે મળીને એનઆઈડી અમદાવાદ, ગાંધીનગર અને બેંગલોરના ૩ કેમ્પસમાંથી ૬૫ વિદ્યાર્થીઓ માટે પ્લેટફોર્મ બનાવ્યુ છે.આ એવોર્ડ પાછળનો આશય ભારતમાં રહેલી પ્રતિભાને ઓળખવાનો અને આધુનિક જમાનાની સ્માર્ટ ડિઝાઈનને ખાસ કરીને પંખાની ડિઝાઈનને લોકો સમક્ષ રજુ કરવા માટેનો છે. આ એવોર્ડ માટે જાણીતા ડિઝાઈનર બિક્રમ મિત્રા, ડિઝાઈન કન્સલટન્ટ તેમજ ઓડી ઓલ્ટરનેટિવ્સના માલિક વિનોદ ગુપ્તાને નિર્ણાયક ગણ તરીકે રાખવામાં આવ્યા હતા. એનઆઈડી અમદાવાદની ક્લોવ ટીમના શ્રીરંગ પોવારને બેસ્ટ ડિઝાઈનનો એવોર્ડ મળ્યો હતો. ધ મોસ્ટ ઈનોવેટિવ ડિઝાઈનનો એવોર્ડ પણ એનઆઈડી અમદાવાદની ટીમ કિરણના કિરણ રવિન્દ્રનને ફાળે ગયો હતો.